Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

પર્યાવરણ અને સાહિત્ય અંતર્ગત **પર્યાવરણની સભાનતાનો એક પ્રચ્છન્ન સૂર અદ્યતન )**
**(કાવ્ય સંદર્ભે**

**ડૉ. દર્શના. એન. ઉપાધ્યાય ***

પૃથ્વી પર્યાવરણનાં અસંતુલનને કારણે ખળભળી ઊઠી છે. તેના અનુષંગે પૃથ્વી પર અસામાન્ય ઘટનાઓ વધી રહી છે. ક્યાંક સુનામી, ક્યાંક વરદા, ક્યાંક પ્રલય, ક્યાંક દુકાળ તો ક્યાંક ભૂકંપ જેવી કુદરતી હોનારતો વારંવાર થતી રહે છે. આ હોનારતો માનવજીવનને તો વિચલિત કરે જ છે - સાથે સાથે સર્જકચિત્તને પણ વિચલિત કરી મૂકી સર્જન કરવા પ્રેરે છે. તેથી સર્જક કે કવિ પ્રગટપણે કે પ્રચ્છન્નપણે પર્યાવરણની સમસ્યાઓની અભિવ્યક્તિ આપણી સમક્ષ કરતો હોય છે.

પદ્મશ્રી કવિ સિતાંશુનાં કાવ્યસર્જનમાં પ્રકૃતિનાં તત્વોને નિમિત્તે પર્યાવરણની સમસ્યાઓની અભિવ્યક્તિ કેવી રીતે થઈ છે અને સર્જક આપણને તેનાં પ્રત્યે કેવી રીતે સભાન કરે છે તે જોઈએ. આ અદ્યતન કવિ "પ્રલય", જેવી પ્રાકૃતિક દુર્ઘટનાને કલ્પન, પ્રતીક જેવી યુક્તિના ભાવસંવેદન સાથે પ્રયુક્તિ દ્વારા પ્રગટ કરી પોતાના કાવ્યમાં આવી પડેલ પર્યાવરણના અસંતુલનને કારણે આવી પડનારી વિપત્તિને સંકેતિત કરી આપે છે. કુદરતી આપત્તિમાં જીવનધારક અને જીવનડારક એવા પ્રકૃતિ તત્વ - "પાણીની" વિવિધ લીલાઓનો વિસ્તાર જોવા મળે છે.

'પ્રલય' કાવ્યમાં આરંભમાં સર્જનમાં રાખી ભાષા દ્વારા વિસર્જનને કેન્દ્ર-અસ્તિત્વને ટકાવી રાખવાની મથામણ જોવા મળે છે. પ્રલયનાં પાણીની ધોધમાર ધારાઓ વહેતી આવતી હોય તેવા શબ્દો આરંભે મુદ્રીત કરી બતાવ્યા છે. "આ પાણી" ?

પરાયું
રઘવાયું
ભૂરાયું
આવ્યું
આવ્યું
આ
છેક ઘરના પાણિયારા સુધી ઘુસી ગયું જનાવર

ISSN NO: 2395-339X

ધૂ રકતું .'જટાયુ'- પૃ -૧-(૪ -

જળપ્રલયની આ ઘટનાનું ભય પ્રેરે તેવું આલેખન આધુનિક માનવની પરિસ્થિતિની વિષમતા અને છિન્નતાનાં બોધ સાથે કવિ જોડી દેતા જણાય છેઆ ધસમસતા પ્રલયનાં પૂર . આવ્યા પછી, જ્યાં મળ્યો ત્યાં આશ્રય લઈ બેઠેલા પુરગ્રસ્ત લોકો કેવા એકબીજાથીછુટા પડી ગયા છેતેનું શબ્દચિત્ર ઉપમા દ્વારા અને મુદ્રણની વિશિષ્ટ શબ્દ ગોઠવણી દ્વારા કવિએ તાદ્રશ્ય ! .કર્યું છે

ને વચ્ચે અમે એકમેકથી અલગ કોરા કાગળ પર ઊધઈ કાણાં પાડી ગઈ હોય ને વચ્ચે રહી ગયા શબ્દો એવા અમે

અમે છાપરે ઝાડ પર ટેકરી માથે નિશાળના પાકા મકાનને
ત્રીજે માળે સરકારી હોડીઓમાં કામચલાઉ તરાપાઓ ઉપર
ખીચોખીચ અમે ") . . .જટાયુ" પૃ(પ-

કુદરતી હોનારત સામે માનવજીવન ની વચ્ચે ઝોલા ખાતું "નથી" -"છે" તેની તરલતા અને તેની સાથે માનવજીવનની ભંગુરતાને - જળ એ જીવન છે .થઈ જાય છે .કવિએ સાંકળી છે

કાવ્યાન્તે કવિએ'છીએ' નાં ક્રિયારૂપને લઈ છેવટે તેને માનવઅસ્તિત્વનાં સંદર્ભે સાંકળી લઈ પ્રગટ કર્યા છે.

ખાઈએ છીએ", પીએ છીએ, લઈએ છીએ, મૂતરીએ છીએ, હગીએ છીએ,
છીંકીએ છીંએ, છીં છીં છીંએ, હજી છીંએ, વળી છીંએ, ઉપરાંત
છીંએ, પાછા છીંએ, જોકે છીંએ, તેથી છીંએ, છતાં છીંએ અને -૨-
છીંએ વળી છીંએ હેલેકોપ્ટરે ફેંકી છે દવા .દવા લો કાકા સારું લાગશે .
ને પાણીની વચ્ચે છીએ
બસ) ."જટાયુ (૧૫-પૃ -

આ બધીજ ક્રિયાઓ કરીએ છીએ માટે આપણું અસ્તિત્વ ટકી રહ્યું છેઆ માત્ર ભાષાકીય . કરામત નથી, પણ તેમાંથી માનવ અસ્તિત્વની યાંત્રિકતા અને ભંગુરતાનો પરિચય મળે છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

માનવજીવન સાથે જળ અવિનાભાવિપણે વણાયેલું છે અને જળનું અસંતુલન કેવું- અસ્તિત્વ - .ખતરનાક પરિણામ લાવે છે તે પ્રત્યેનો કવિનો અહીં અંગુલિનિર્દેશ છે

'પ્રલય' માનવ અસ્તિત્વને વિષમ પરિસ્થિતિમાં મૂકી દે છે તે નિર્વિવાદ છે, પણ અહીં પ્રલય માત્ર પાણીનો જ પ્રલય નથી પણ તે નિમિત્તે સંસ્કૃતિનાં થરેથરને વ્યાપી" ."વળતો નાશ કરવા તત્પર એવો પ્રલય છેજો પ્રલય પૃથ્વી પર વિનાશ વેરે છે તો તે માનવ સંસ્કૃતિને પણ હાનિ પહોંચાડી શકે છેકવિએ પ્રલયને સર્જનપ્રક્રિયા સાથે સાંકળી પાણી અને . કારણકે પાણી અને વાણી બં .વાણીને એકરૂપ કરી નાંખ્યા છેને સર્જકતાનાં ઉપાદાનો છેઆમ . પ્રલયને માનવસમાજ, માનવ અસ્તિત્વની વિષમતા, સંસ્કૃતિ, ભંગુરતા તથા સર્જન પ્રક્રિયા સાથે સાંકળી કવિએ અનેક આયામો આ કાવ્ય દ્વારા સર કરી લીધા છેપરંતુ તેમાંથી પ્રગટ થતો એક . મહત્વનો પ્રચ્છન્ન સૂર કુદરતી હોનારતની સમસ્યા અને તેને કારણે સર્જાતી વિષમતાનો પણ છે તે ભૂલવું ન જોઈએ.

છેદનની વૃતિ -સાંપ્રતયુગીન નગરસંસ્કૃતિમાં ઔદ્યોગિકીકરણને કારણે વૃક્ષ .ચિંતાજનક રીતે સતત વધી રહી છે જે પર્યાવરણની સુરક્ષા માટે ભયંકર ખતરારૂપ વૃતિ છે સા-છેદનની વૃતિ મનુષ્યને નૈસર્ગિક જીવનથી તો દૂર લઈ જાય છે સાથેવૃક્ષથે પર્યાવરણને પણ ભારે નુકસાન પહોંચાડે છે આ વાતને સંકેતિત કરતું કાવ્ય.'ઓડિસ્યુસનું હલેસું સંગ્રહમાં પ્રગટ થયું છે, જેનું શીર્ષક છે) "ફરી પાછું વૃક્ષ'ઓ(૪૩-પૃ.

શીર્ષક રાખ્યું છે તેની પાછળ એક "ફરી પાછું વૃક્ષ' શીર્ષકને બદલે "વૃક્ષ' કવિએ " .મર્મ છુપાયેલો છેવૃક્ષમાંથી ફર્નિચર વગેરે બનાવી શકો પણ પર્યાવરણ માટે આવશ્યક એવા " - "ફરી પાછું વૃક્ષ' વૃક્ષને ફર્નિચરમાંથી ન બનાવી શકોબનાવી શકાય એવો માર્મિક સંકેત છે. .આમ વૃક્ષની જાળવણી અંગે સભાનતા કેળવવાની વાત પ્રચ્છન્ન રીતે વહી આવે છે

જૂના સમયના એ તપખીરિયા થડને"

હવે તો ઠીક ઠીક વરસોથી વહેરી, છોલી, ઘાટઘૂટ આપી

-3-

ઘરમાં વાપરવાનું ફર્નિચર બનાવી દીધું હતું (૪૩-ઓડિસ્યુસનું હલેસું પૃ ". માણસ .નગરસંસ્કૃતિમાં વૃક્ષનાં મહિમાને સ્થાને વૃક્ષમાંથી બનેલા ફર્નિચરનો મહિમા વધારે છે પ્રકૃતિની જે રસ .નર્યો ભૌતિકતાવાદી બની ગયો છે, રંગ, સુગંધથી પરિપ્લાવિત જીવંતતા વૃક્ષ રૂપે હતી તેને વહેરી", છોલી, ઘાટઘૂટ આપી.નગર સંસ્કૃતિની નિર્જીવ સભ્યતા બનાવી દીધી છે"

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કાવ્યમાં કવિએ કરેલા આ હળવા કટાક્ષ દ્વારા ભૌતિક સુખ સગવડોની પડછે તેની વિષમતાઓ અને પર્યાવરણની જાળવણી અંગેની આપણી અસભાનતાનો નિર્દેશ કરીઆપ્યો છે.

વૃક્ષનાં થડનાં વહેરાવવાની સાથેના કોઈ વીજ " કે "ના કોઈ ઝંઝાવાત" જેવા શબ્દસમૂહ મૂકી કવિએ પર્યાવરણ પ્રત્યે સંવેદનજડ બની ગયેલ મનુષ્ય વ્યક્ત"કડાકા વૃક્ષ' વળી .કર્યો છે?!" નાં પ્રશ્નાર્થ અને આશ્ચર્ય દ્વારા પ્રકૃતિથી અત્યંત દૂર સરી ગયેલો સંવેદનહીન માનવ, કે જે નગરસંસ્કૃતિની ભૌતિક સુખ સગવડોથી પ્રભાવિત થઈ એમાં એટલો બધો રચ્યો પચ્યો રહ્યો છે કે તેને માન્યામાં નથી આવતું કે આ ભૌતિક સુખ સગવડો પ્રકૃતિના તત્વોનાં છેદનથી ઊભી થયેલી છે - માણસ પાસે પ્રકૃતિ નહીં માત્ર પ્રકૃતિની યાદ રહી જશે . એવો કવિનો સચેત સૂર વ્યક્ત થયો છે.

નૈસર્ગિકજીવનથી કૃત્રિમ જીવન તરફની ગતિ, નગરસંસ્કૃતિ તરફની આંધળી દોટ અને પર્યાવરણની જાળવણી પ્રત્યેનું દુર્લક્ષ એમ સમકાલીન સળગતા ત્રિવિધ પ્રશ્નો આ કાવ્યમાંથી ઊજાગર થાય છે-અંતે પર્યાવરણનું જતન કર્યા વગર મનુષ્યનો કોઈ આરો. ઓવારો નથી એમ ફલિત થયા વગર રહેતું નથી.

વૈશ્વિક ફલક પર સર્વત્ર પ્રવાહમાન થતું પર્યાવરણનું અત્યંત આવશ્યક અને અનિવાર્ય તત્વ છે જળ કવિના .પંચમહાભૂતમાંનું જળ તત્વ કવિને સતત આકર્ષતુ રહ્યું છે 'ઓડિસ્યુસનું હલેસું અને જટાયુ"" કાવ્યસંગ્રહમાં જળતત્વનાં સાહચર્યોનો વિનિયોગ વિશેષપણે જોવા મળે છે.

આપણે આગળ જોયું તે પ્રમાણે કાવ્યમાં પ્રલયનાં ધસમસતા "પ્રલય" પાણીનાં પ્રવાહી .પાણીની ધોધમાર ધારાઓને મુદ્રીત કરી બતાવી છે, ઘન અને વાયુ સ્વરૂપની વાત દ્વારા કવિએ જળતત્વ માનવ જીવન સાથે કેવું અવિનાભાવિપણે જોડાયેલું છે તે બતાવ્યું છે.

→ "પાણી
અંધારામાં મને સંભળાય છે અવાજ <u>વહેતા પાણીનો</u>"

("જટાયુ-પૃ-૩૩) -૪-

→ "તે પાણી કશાક ભયથી એકમેકને બાઝી પડ્યાં? <u>બરફ</u>"

("ઓડિસ્યુસનું હલેસું પૃ-૮૬)

→ "રેલાયેલા નીરે ધીરે ધીરે ફોરે <u>વરાળ</u>"

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

("ઓડિસ્યુસનું હલેસું પૃ-૮૪)

આ ઉપરાંત જળ માટે વાપરેલાં વિશેષણો સજીવારોપણની અનુભૂતિ કરાવે છે

"બુઝાયેલા

સપાટિયા

મૂંગા

ચત્તા જળ" ("ઓડિસ્યુસનું હલેસું પૃ-૮૫)

વળી પુરાકલ્પન રૂપે પ્રયોજાયેલ જળનું રૂપ પણ માણવા જેવું છે

--"નીર કૃષ્ણે કાપી છાંડ્યા નીર"

("ઓડિસ્યુસનું હલેસું પૃ-૮૩)

આમ કવિની જળપ્રીતિ અનેક સ્વાંગ સજીને આવે છે પાણી પ્રત્યેનાં તેમનાં ભાવસંવેદનનાં નિરૂપણની બહુલતા મનુષ્યજાત માટે પાણી એ જીવન છે "જળ જીવન છે" એ સૂત્રને સાર્થક કરે છે

આમ કવિએ પર્યાવરણનાં અસંતુલનને કારણે ઉદ્ભવતી હોનારત, માનવની નૈસર્ગિક જીવનથી નગરસંસ્કૃતિનાં કૃત્રિમ જીવન તરફથી આંધળી દોટ અને પર્યાવરણની જાળવણી પ્રત્યેના દુર્લક્ષનું આલેખન કરી - પર્યાવરણ અંગેની સભાનતાનો પ્રચ્છન્ન સૂર પ્રગટાવ્યો છે

<u>**સંદર્ભ : -**</u>


- જટાયુ - સિતાંશુ યશશ્ચન્દ્ર
- ઓડિસ્યુસનું હલેસું- સિતાંશુ યશશ્ચન્દ્ર
- 'એતદ્' સામાયિક - ઓક્ટો-ડિસે-૧૯૯૭ - શ્રી નીતિન મહેતા પૃ - ૭૨-૭૬
- ફાર્બસ ગુજ. સા. ત્રૈમાસિક જુલાઈ-સપ્ટે-૧૯૮૩ - શ્રી કાન્તિ પટેલ પૃ - ૨૮૩
- સિતાંશુ યશશ્ચન્દ્ર: કાવ્ય સર્જન વિશેષ (વિવેચન) -૫-